

નરેન્દ્ર મોદી
સાક્ષીભાવ




નરેન્દ્ર મોદી
સાક્ષીભાવ
ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
મુંબઇ, અમદાવાદ

SAKSHIBHAV
Prayers in Gujarati as dialogue with the Mother
by Narendra Modi

© નરેન્દ્ર મોદી

પ્રકાશક: ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
199/1, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ 400 002
ફોન: +91-22-2200 2691, 2200 1358
1-2, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ,
આંબાવાડી, અમદાવાદ 380 006
ફોન: +91-79-2656 0504, 2644 2836
Email: imageabad@gmail.com
Visit us on: http://www.imagepublications.in

પ્રથમ આવૃત્તિ: 2014

મૂલ્ય: ₹ 750.00

ISBN : 978-81-7997-425-4

ડિઝાઇન: અપૂર્વ આશર
ઇ-શબ્દ, અમદાવાદ
ફોન: +91-79-3048 7400 • www.e-shabda.com

ફોટોગ્રાફ્સ: વિવેક દેસાઈ
ફોન: +91-98250 35912

મુદ્રક: રાજકલ્પ મુદ્રણાલય પ્રા. લિ., અમદાવાદ. ફોન: +91-2717-244 016

## ઋણ સ્વીકાર...

આજથી પચીસ છવ્વીસ વર્ષ પૂર્વે મારી મનોવહીમાંથી ડાયરીમાં અવતરેલા સંવાદ સ્વરૂપને ‘સાક્ષીભાવ’માં સંપાદિત કરવાનો સંયોગ શ્રી સુરેશભાઈના આગ્રહ અને સંકલ્પ સાથે સંકળાયેલ છે. મારા અંતરમનના ‘મા’ સાથેના સંવાદમાં પ્રગટ થતી મારા ભાવવિશ્વની અનુભૂતિ એમના કવિ હૃદયમાં લાગણીઓની ભીનાશ અને કર્તવ્ય તરફની મારી કર્મઠતા રૂપે ઝીલાઈ અને ‘સાક્ષીભાવ’ પ્રગટ કરવાનો એમનો પ્રેમાગ્રહ પ્રબળ બન્યો.

પ્રસ્તાવનાનું પોત ‘એક સમયની વાત—સનાતન’ એમણે પોતે જ તૈયાર કરી, મા જગદંબાને સંબોધીને કહેવાયેલી મારી હૃદયછૂટી વાતનો સરળ અને સહેલો રસાસ્વાદ રજૂ કર્યો છે. વળી ‘સાક્ષીભાવ’ના પ્રકરણો પરનાં અવતરણ બાબતે સુરેશભાઈ ખાસી જહેમત લઈ રહ્યા હતા. આ પુસ્તક પ્રગટ થવાની વેળાએ તેમની ગેરહાજરી સાલે છે. તેમની અનંતયાત્રાની સવારે જ તેમણે મારી સાથે ફોન પર વાત કરી એક લેખ લખવા આગ્રહ કર્યો હતો અને ‘સાક્ષીભાવ’ની પ્રગતિ વિશે પણ વાત કરી હતી.

ઇમેજ દ્વારા મારા સાહિત્યસર્જનને વેગ આપવામાં સતત સધિયારો પૂરો પાડનારા વડીલ સ્વ. સુરેશભાઈ દલાલનો ઉમળકો અને ઉત્સાહ મારા માટે અણમોલ અને સદાય સ્મરણીય બની રહેશે એ લાગણી સાથે ‘સાક્ષીભાવ’ના પ્રકાશન ટાણે એમની સૂક્ષ્મ ઉપસ્થિતિમાં એમનો ઋણ સ્વીકાર કરું છું. તથા શબ્દ સ્થપતિને શ્રદ્ધાંજલિ આપું છું.

નરેન્દ્ર મોદી

# એક સમયની વાત—સનાતન

Listen to Audio Track

વોલ્ટ વ્હિટમેને કહ્યું કે '... and I say that there is nothing greater than the mother of a man'. આપણી પોતાની માતા તો ખરી પણ આપણા સૌનીયે માતા છે જગદંબા. આ જે કૈં ભીતરનો સંવાદ છે તે કોઈ નિરાકારને સંબોધીને નહીં, પણ દૃષ્ટિ સમક્ષ દર્શન આપતી જગદંબાને સંબોધીને કહેવાયેલી હૃદયછૂટી વાત છે.

આ એ સમયની વાત છે જ્યારે નરેન્દ્રભાઈ કોઈ સ્થાન પર નહોતા પણ સંઘના સ્વયંસેવક હતા. એમનામાં સંગઠનની શક્તિ હતી. પૂરતી નિષ્ઠા અને ભક્તિ હતી, સમર્પણની ભાવના હતી અને મુશ્કેલીનો મર્દાનગીપૂર્વક સામનો કરવાની તાકાત હતી. આજે પણ એ ગઈ કાલની વાત નથી લાગતી.

સંવેદનશીલ કર્મયોગી નરેન્દ્ર મોદીની ડાયરી રૂપે લખાયેલી આ પ્રાર્થનાઓ છે. ૧૯૮૬ના અંતમાં આ મનવહીનો પ્રારંભ થયો છે. અહીં મનોજગતના સંઘર્ષની કથા, વ્યથા અને ચિંતન છે. વિચારોનો ચકરાવો છે, સ્વ સાથેનો સંવાદ, વિસંવાદ, મંથન, મથામણ, પ્રશ્ન, ઉત્તર—ફરી પાછા પ્રશ્ન અને વિપ્રશ્નની સ્થિતિ... ક્યારેક મળતો ઉત્તર અથવા ક્યારેક સાવ નિરુત્તર સ્થિતિ. સાપેક્ષ નહીં પણ નિરપેક્ષ ભાવસભર જીવનની ઝંખના. સાપેક્ષમાં છૂપો રહેલો અસંતોષ અને સરખામણીમાંથી પ્રગટતું અસમાધાન.

મોટી વાત તો એ છે કે આમાં કોઈ દીનહીન ભાવ નથી, કોઈ માગણી નથી. લાગણી છે પણ લાગણીનો લલકાર નથી, લાગણીનું અગાધ ઊંડાણ છે. માણસને પોતે કોઈ પણ પ્રકારની મુશ્કેલીમાં હોય ત્યારે વાત કરવા માટે કોઈક વ્યક્તિ જોઈએ પણ જ્યારે આપણે જ આપણી જાત સાથે ભીતરથી પૂરેપૂરા ગોઠવાયેલા ન હોઈએ ત્યારે એ પરિસ્થિતિમાં વાત કોને કહેવી એ એક મોટી મૂંઝવણ છે. સર્જકને આપોઆપ એક સરસ માર્ગ મળ્યો છે અને એ માર્ગ તે જગજ્જનની મા સાથેનો સંવાદ. એટલે કે જીવનની જે કોઈ આપત્તિ, વિપત્તિ હોય કે જે મૂંઝારો હોય એ બધું જ જગતમાતાના ચરણમાં મૂકી દેવું અને નિરાધાર થયા વિના, માતાની કૃપામાં પૂર્ણ શ્રદ્ધા રાખીને આવી પડેલી અવસ્થાને ઓળંગી જવી. બધું જ જ્યારે ડહોળાયેલું હોય ત્યારે કઈ રીતે નિર્મળ, સ્વચ્છ, પારદર્શક અને સ્પષ્ટ વાતાવરણ ઊભું કરવું? ધુમ્મસને કઈ રીતે દૂર કરવું એની વાત અત્યંત સહજતાથી અહીં થઈ છે. મારું તો એવું પણ માનવું છે કે એમની કલમમાં જે રીતે આવતું ગયું તે રીતે કાગળ પર મુકાતું ગયું—આપણે જેને auto writing કહીએ છીએ એવું આ લખાણ છે. લખાતું હશે ત્યારે એ કદીક છપાશે એવી સર્જકના મનમાં અપેક્ષા કે વિચાર સરખોયે નહીં હોય. આ તો જેમ અચાનક ઝરણ ફૂટે એવી રીતે લખાયેલી વાત છે.

હું તો સમગ્રને ગદ્યકાવ્ય કહું છું. કર્મઠ કવિ તરીકે એમને બિરદાવું છું. આમાં આશ્ચર્ય છે. આઘાત છે, જાત અને જગત વિષેની ચિંતા છે. અહીં કશું યત્નપૂર્વક થતું નથી કે આ મંથન રત્ન માટે પણ નથી. માણસ પોતાને પામવા માટે, પરિસ્થિતિને પાર કરવા માટે જે રીતે ઝૂઝે છે, ઝઝૂમે છે એની વાત છે. કવિને એક કલ્પન સૂઝે છે. કહે છે.

*સ્થિર લટકતું કેલેન્ડર જીવનની ગતિ દર્શાવે છે...!!!*

ત્રણ ત્રણ આશ્ચર્ય ચિહ્ન મૂક્યાં છે. કવિને થીજી જવાય એવી સ્થિરતામાં રસ નથી, એ ગતિનો જીવ છે. પણ એ ગતિ આભાસી ન હોય, જગતની ગતિ સાથે વિસંવાદ સર્જ્યા વિના, લય-તાલ મિલાવતી હોવી જોઈએ. કવિ પોતે જ પોતાને પ્રશ્નો પૂછી પૂછીને ખણે

છે, ખોતરે છે. કોઈક એક માણસ બીજને પામવા માટે છાલથી માંડીને આખા ફળને ફોલી નાંખતો હોય તે રીતે પોતાને ભીતરથી સાંગોપાંગ ઉતરડી નાંખતાં પણ અચકાતો નથી. એમને કહેવાતી સફળતા કે નિષ્ફળતા કરતાં પણ પોતાને યથાર્થ રીતે પામવામાં અને સમજવામાં રસ છે. એમની પાસે પોતાના માપદંડો છે, એમના સિદ્ધાંતો છે. સાપેક્ષતાની સીમા એમને મન બંધન છે. નિરપેક્ષ ભાવ હોઈ જ ન શકે એવું એ માનતા નથી. આ નિરપેક્ષ ભાવ જ જીવનનું અધિષ્ઠાન બને. નવજીવનમાં ગતિ અને મતિની સમતુલા હોય. સ્વપ્નનાં ખંડેર ન જોઈએ. નિસાસા અને આંસુઓ ન જોઈએ. માત્ર ઝંખના છે નિરપેક્ષ ભાવસભર જીવનની. વાંચીએ ત્યારે આ કાવ્ય સરળ અને સહેલું લાગે પણ ઊંડા ઊતરીએ ત્યારે જ એની સઘનતા અને ગહનતાનો ખ્યાલ આવે.

એક પ્રાર્થના પૂરી થાય પછી એવું નથી કે સંઘર્ષ પૂરો થઈ જાય છે. એ જુદે જુદે રૂપે અને નવે નવે નામે દરિયાનાં મોજાંની ગતિએ આવતો જ રહે છે. કોઈક વાર આવી અકળામણ સવારના પહોરથી શરૂ થાય છે. આ અકળામણ શું છે એને પામવાનો પ્રયત્ન છે. સૂરજ ઊગે છે ત્યારે એના અણસારા-ભણકારા કંઈ સારા લાગતા નથી. કવિએ કહ્યું નથી પણ એ સૂરજ ધૂંધળો લાગે છે. ઉમાશંકરે એક કાવ્યમાં કાળા સૂરજનો સંકેત આપ્યો હતો. આવો સૂરજ બેચેની, ચિંતાથી કાવ્ય નાયકને ગ્રસી લે છે. માણસને અંદરથી એમ જ લાગ્યા કરે છે કે હું ચારે બાજુથી લૂંટાઈ ગયો છું. લૂંટાઈ રહ્યો છું. અનેક પ્રકારના મિશ્ર ભાવોની ખેંચતાણ ચાલ્યા કરે છે. શરીર અને મનનો પણ સંવાદ નથી. ચંદ્રકાંત શાહ લખે છે એમ, ‘***એક દિવસ તો હું ને મારી કાયા વચ્ચે થયો વાદવિવાદ***’. શરીર અને મન જુદાં પાડી શકાતાં નથી અને બંનેની એકમેક પર સવળી અવળી કે અવળી સવળી અસર તો થયા જ કરે છે. પોતાની વચ્ચે અને મનની વચ્ચે એક ખાઈ પડી છે. મકરન્દ દવે કહે છે એમ ‘ક્યાંક પડી છે ખાઈ, ખાઈને ઓળંગું શી રીતે?’ બધે જ દ્વૈત છે. અદ્વૈત નથી. ઝંખના અદ્વૈતની છે. એક બાજુ મન છલાંગ માર્યા કરે છે, એ કોઈને પૂછતું નથી. કોઈને ગાંઠતું નથી એને ભીતિ કે ભ્રાંતિ નથી. બીજી બાજુ, શરીર સાંભળવાને તૈયાર નથી. શરીર અને મન વચ્ચે જાણે કે આડવેર છે. કવિએ એક ઠેકાણે મનની બાબતમાં બોલચાલનો સરસ લહેકો મૂક્યો છે.

‘***મારું વ્હાલું આ મન મ્હાલ્યા જ કરે છે.***’ મન બે દુનિયાની વચ્ચે અટવાય છે. આ બે દુનિયા એટલે કે, કોઈકે કહ્યું છે એમ, એક દુનિયા લગભગ લોથપોથ અને બીજી જે જન્મી નથી તે. જળથી દાઝે છે અને ચાંદ શીતળતાનો સ્પર્શ કરાવવા ખાતર કરાવે છે પણ ક્યારેક તે પણ દાઝી ઊઠે છે. કૃષિઋષિ કવિ રૉબર્ટ ફ્રોસ્ટનું કાવ્ય આ સંદર્ભમાં અને આ સંઘર્ષમાં યાદ આવે છે, કાવ્યનું શીર્ષક છે: *Fire and Ice*

*Some say the world will end in fire,*
*Some say in ice.*
*From what I’ve tested of desire*
*I hold with those who favor fire*
*But if it had to perish twice,*
*I think I know enough of hate*
*To say that for destruction ice*
*Is also great*
*And would suffice.*

ગતિ-મતિ જાણે કે સૂનમૂન બની ગઈ છે. જાણે કે કોઈ દુર્ઘટનાએ પીછો પકડ્યો હોય એવું લાગે છે. કવિએ ધાર કાઢીને, પોતાની મનોવ્યથાને સ્પર્શી જાય એ રીતે કંડારી છે:

*કંઈક લૂંટાઈ જવાના, કંઈક ચૂંથાઈ જવાના*
*કંઈક હણાઈ જવાના,*
*કંઈક ન જાણે કેટકેટલું કંઈક બની રહ્યાના*
*સંકેતો વચ્ચે હું ઘેરાયેલ પડ્યો છું.*
*શું મારાપણાની અતિશય ભાવસૃષ્ટિ જ*
*આમ થવા નથી દેતી ને?*

કવિ પોતે જ પોતાના એક્સ-રે ને સમજવાનો પ્રયત્ન કરે છે. અંદરથી જાણે કે નષ્ટ કરી મૂકે એવું આ ક્યું કષ્ટ છે? નીંદ હરામ થઈ ગઈ છે. પૂરતા સમર્પણ પછી પણ અને જીવનનો પૂર્ણતા સાથે સ્વીકાર કર્યા પછી પણ આવી અવદશા સહેવાતી નથી. પળ તો સ્વયં જિંદગી છે. એ જીવંત જ હોવી જોઈએ એને બદલે પળ પોતે જ મરી રહી છે. કોઈક ભયાનક કોલાહલ સમગ્ર અસ્તિત્વમાં વ્યાપી ગયો છે. ખુદમાંથી ભરોસો જાણે કે ઊઠી ગયો હોય એવું પણ ક્યારેક લાગે તો ખુદાને ભરોસે રહીને એવી પણ તૈયારી હોય કે ગમે તેવી પરિસ્થિતિને એ પહોંચી વળશે કે પડકારી શકશે. ચારે બાજુથી ઘેરાયેલો માણસ જે પ્રાર્થના કરે એમાં લાચારી ન હોય પણ એક પ્રકારની જે નમ્રતા હોય એનું દર્શન અહીં થાય છે. કહે છે:

*એક પ્રાર્થના કરું?*
*જે કંઈ બનવાનું હોય તે બને...*
*મારા ત્યાગ, મારા સમર્પણની અનુભૂતિ*
*અત્ર તત્ર સર્વત્ર તું કરાવ્યા વિના નહીં જ રહે એવી શ્રદ્ધા છે.*

આવી પરિસ્થિતિમાં કાલના સૂરજ માટે મન જાણે કે ઉદાસીન થઈ જાય છે. કેટલીક વાર એવું બને છે કે મનમાં એકના એક વિચારોનો ચકરાવો ચાલ્યા કરતો હોય છે. આ ચકરાવો આપણને વેરવિખેર કરી નાંખે છે, છિન્નભિન્ન કરી નાંખે છે અને સૂર્યનાં કિરણ જેમ ઝાકળના બિંદુને શોષી લે એમ આપણી સ્વસ્થતાને એ પૂરેપૂરી શોષી લે છે. આપણે મનને મનાવીએ છીએ, પણ હઠીલું મન માનતું નથી અને એ જિદ્દીના ઝાડની જેમ ઊંડે ને ઊંડે રોપાતું જાય છે. ક્યારેક આપણે પોકળ આશ્વાસનો લઈએ છીએ કે દુઃખનું ઓસડ દહાડા. પણ આ આશ્વાસન આપણા વિષાદને હઠાવવાને બદલે કદાચ વધારે ઘેરો બનાવે છે. વીજળી થાય ત્યારે થોડીક ક્ષણ માટે અંધકાર ચીરાય પણ જેવી વીજળી લુપ્ત થઈ એટલે પાછો એનો એ જ અંધકાર કદાચ હતો એના કરતાં વધારે ગાઢ થાય. આપણે આપણા પીંજરામાંથી છૂટવાના પ્રયત્નો કરીએ છીએ. કામમાં જીવ પરોવીએ છીએ પણ આ એક છટકવાની બારી જેવી બાહ્ય પરિસ્થિતિ બની ગઈ છે. વિચારોનો પ્રવાહ, એનો કોલાહલ, હચમચાવી મૂકે એવા જીવનના મૂળભૂત પ્રશ્નો... સ્વયં જગદંબાએ જીવનને કવિતાની જેમ સર્જ્યું અને છતાંયે એ કવિતામાં બસૂરાપણું ક્યાંથી? પ્રશ્નોની પરંપરા રણમાં વહેતા કાફલાની જેમ વહ્યા કરે છે. શ્રદ્ધા અને અશ્રદ્ધા વચ્ચે જીવ વ્હેરાય છે. આપણી અપેક્ષા જ આપણને હડસેલે છે. આપણને સહજ ભાવે કશું પ્રાપ્ત થતું નથી. સ્વીકૃતિથી આપણે દૂરના દૂર જઈએ છીએ. આપણે માત્ર choiceless stateમાં મુકાઈ ગયા હોઈએ એવું લાગે છે.

આપણે આપણા ઉદાર ભાવને પણ પૂરેપૂરા ઓળખી શકતા નથી. ક્યારેક એ છીછરો લાગે છે. આપણી ઉદારતા જાણે કે આપણા દોષને ઢાંકવા માટે હોય એવું પણ લાગ્યું. ઈશ્વરની લીલા બાજુ પર રહી જાય છે અને વિચારલીલા ખીલાની જેમ ખોડાતી હોય છે અને ચકરાવો લેતા પંખીની જેમ એકના એક વિચારો સંકુચિત આકાશમાં ઘૂમ્યા કરે છે. ઉપયોગિતાવાદ એ આપણું સંકુચિત જગત. આ જગતમાં જણસની કિંમત હોય છે પણ માણસનું મૂલ્ય નથી. આપણે જાણે કે બધા જ આંધળા યુગ તરફ જઈ રહ્યા હોઈએ એની અનુભૂતિ થાય છે. ઈશ્વરની લીલાનું વિકૃત સ્વરૂપ આપણે આપણી કહેવાતી ભૂમિકા ભજવીને ભજવવાનું નાટક જ કરતા

હોઈએ છીએ. આખી જિંદગી ઉમાશંકર જોશી કહે છે એમ મૂર્ખ અને ધૂર્તને નિભાવવામાં વીતી જાય છે. અંચળા અને વાઘાઓનું માંયકાંગલું જગત છે. તડજોડમાં જીવવાની જાણે કે ટેવ પડી ગઈ છે! કવિ તો અંડરલાઈન કરીને કહે છે કે:

*સમાધાનને જીવન શા માટે બનાવવું?*
*સંકલ્પ જ જીવન હોઈ શકે.*

કવિ પાસે પોતાનો ભાવ છે. સદ્‌ભાવ છે પણ એમને આસપાસના પ્રભાવથી મુક્ત થવું છે. પોતાને અંદરની ઓળખાણ મેળવવી છે. કોઈને માપ્યા વિના પોતાને પામવાની વાત છે. શ્રેષ્ઠતા સિદ્ધ નથી કરવી પણ તારતમ્ય બુદ્ધિથી વિવેકને પામવો છે. આમ વ્યક્તિ તરીકે વિવેકમાંથી જ આથમે નહીં એવો આનંદ પ્રાપ્ત કરવો છે. સુખ, મોજમજા એ તો આવે અને જાય પણ એમને આનંદની અવસ્થા જોઈએ છે. કોઈને અન્યાય ન થઈ જાય એટલા સાવધ રહેવું છે અને જગદંબાની છત્રછાયા હેઠળ પોતે જ પોતાના પંડને પામવું છે. પોતે જ પોતાને પડકારવો છે અને પામવો છે. પોતાની પ્રાપ્તિ એ સૌથી શ્રેષ્ઠ પ્રાપ્તિ છે. પોતાની ઓળખ એ સૌથી શ્રેષ્ઠ ઓળખ છે. પોતાનું વ્યક્તિત્વ જ એવું હોય જાણે કે એ પરમાત્માનો ‘ભલામણ પત્ર’ હોય.

કવિની કલમ વિવિધ ભાવસ્વરૂપે વિવિધ રૂપ ધારણ કરે છે અને એમાં કોઈ આયાસ કે પ્રયાસ નથી પણ બધું અનાયાસે સ્વાભાવિક ગતિથી થતું રહે છે. ક્યારેક કલમ લ્હેરખીનું તો ક્યારેક ઝંઝાવાતનું રૂપ ધારણ કરે છે. ક્યારેક ધોધ રૂપે વરસે છે તો ક્યારેક સંવેદનાનું સરોવર રચી આપે છે. માત્ર આટલું જ નહીં પણ કવિ વિવિધ કલ્પનો દ્વારા પણ વાત કરી શકે છે. ભૂખ્યાં-ભટ્ઠ ખેતરો, નિશાળેથી નીકળેલું બાળક, તરસ્યો કાન, હૂંફ આપતું થડ... આમ કેટલાંય કલ્પનો દ્વારા કવિ પોતાના ભાવજગતને પ્રગટ કરતા રહે છે. કવિની કલમને જો કોઈ ભીતરનો ટેકો હોય તો તે નરી શ્રદ્ધાનો, તીવ્ર પ્રતીક્ષાનો. આ તીવ્રતા જ એમને અંદરથી જિવાડે છે અને જગાડે છે. ‘જીવન માત્રના લાગણી જગતનું પ્રભાવી પરિબળ છે.. પ્રતીક્ષાની પળ’. કવિને સ્વમાં રસ નથી સર્વમાં રસ છે. એમને સ્વયમ્‌માં રસ નથી પણ ‘વયમ્’માં રસ છે. ભાવાવેશને આત્મસાત્ કર્યા પછી કવિ જે તાર સ્વરે પંક્તિઓને વહેતી કરે છે તેમાં આપણને સચ્ચાઈ અને નિષ્ઠાનો રણકાર સંભળાય છે. દા.ત.,

*મારે તો જગતને લાગણીઓથી જોડવું છે.*
*મારે તો સૌની વેદનાની અનુભૂતિ કરવી છે.*
*મારાપણાના અસ્તિત્વને હોમી દેવું છે.*
*ત્યારે જ તો કહું છું: મને એવી તીવ્રતા*
*સદાકાળ માટે કેમ નથી મળતી?*
*જો ને... મા, પ્રતીક્ષાની પળોની વાત પણ*
*મારા અંતરમનને કેટલું ઘૂંટી રહી છે!*

કવિ જ્યારે વાત કરે છે ત્યારે એમાં ક્યાંય માંયકાંગલી વૃત્તિ હોતી નથી. હોય છે કેવળ ખુમારી, સમર્પણની ભાવના—યાચના નહીં, માગણી નહીં, પ્રતીક્ષાનું મૌન એમની સાધના છે. પ્રતીક્ષાની પ્રત્યેક પળ માટે એમને કોઈ ફરિયાદ નથી. એ પોતે સ્વસ્થતાની કુટિરમાં આંતરતપથી પરિપક્વ છે. કોઈ પણ પ્રકારનાં વૈયક્તિક બંધનો કે ભરતી-ઓટના ધક્કાઓ એમને ખપતા નથી. એ તો એક જ પ્રાર્થના કરે છે.

*મા... મને શંકા-કુશંકા, આશા-નિરાશા...*
*ભય... ચિંતા... સફળતા... નિષ્ફળતા,*
*મેળવવું કે ગુમાવવું વગેરે સર્વ ભાવોથી મુક્ત કર,*

કવિ પ્રત્યેક પરિસ્થિતિને જાણે કે કસોટીનો ભાગ હોય એવા નિરુત્તર પ્રશ્નરૂપે સાક્ષીભાવે જોયા કરે છે.

કોઈ રખે એમ માને કે હું અહીં જે કંઈ લખાયું છે એનો સારાંશ આપી રહ્યો છું કે આ પ્રાર્થનાઓનો આસ્વાદ કરાવી રહ્યો છું. પણ વાંચતાં મને જે સહજપણે સૂઝે છે તે હું મારી રીતે પ્રગટ કરું છું. કવિને આ જગતમાં કેટલીક વસ્તુ કાયમની કઠે છે. જગત સંકુચિત થતું જાય છે. ટાગોરની પ્રાર્થના યાદ આવે છે:

*અંતર મમ વિકસિત કરો અંતરતર હે–*
*નિર્મલ કરો, ઉજ્જ્વલ કરો, સુંદર કરો હે.*

*જાગ્રત કરો. ઉદ્યત કરો નિર્ભય કરો હે,*
*મંગળ કરો, નિરલસ નિ:સંશય કરો હે.*

*યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ,*
*સંચાર કરો સકલ કર્મે શાંત તોમાર છંદ,*

*ચરણપદ્મે મમ ચિત્ત નિ:સ્પંદિત કરો હે,*
*નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે.*

તંત્રને કારણે અથવા સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો દૂરધ્વનિને કારણે જગત આપણી પાસે છે પણ આપણી સાથે નથી. જગત સાંકડું થતું જાય છે. પણ આત્મીય થતું નથી. માણસનું મન અને અંતર જાણે કે ટૂંટિયું વાળીને પડ્યું છે. વ્યક્તિ છે પણ અભિવ્યક્તિ નથી. પત્રલેખનની કળા લુપ્ત થઈ ગઈ છે. *‘અભિવ્યક્તિનો અવકાશ રહ્યો નથી.’* ઇતિહાસ અને દસ્તાવેજ ધીમે ધીમે કદાચ દંતકથા પણ થઈ જાય. કોઈની સંગત નથી. કશું અંગત નથી. લાગણીશીલ હૃદય છે પણ એ હૃદયને વાચા આપીએ તો પણ શું? મૂંગાં ઢોરને લાગણી હશે? બાળકના હાસ્યમાં ભાષા વિનાનું માયાળુ મિલન થાય છે. પ્રતીક્ષા પણ પોતાની ભાષા ગુમાવી બેઠી છે. આંખ ઘણી વાચાળ છે પણ આંખની બારાખડી ઉકેલે કોણ? આના માટેનાં પાઠ્યપુસ્તકો હોય નહીં અને છતાંયે આંખની ભાષા સમજાયા વિના રહેતી નથી. એક બાજુ લાગણી છે અને બીજી બાજુ અભિવ્યક્તિ પ્રગટ કરવાની તમન્ના છે. માણસ ટોળામાં ખોવાઈ ગયો છે. કવિ અરાજકતાના માણસ નથી. એમનો જીવ છે વ્યવસ્થાનો. જો કે એમનામાં એક કળા છે કે, He knows how to conduct a human orchestra without having an ego that he is conducting it.

કામ કરીને તૂટી પડવાનો એમને વાંધો નથી. ‘પસીનાની પથારી’ની પણ એમણે દરકાર કરી નથી. એમણે કશુંક કરવું છે. જાત માટે નહીં પણ જગત માટે. લાગણીશીલ હૃદય માત્ર મનુષ્યનો જ નહીં પશુઓનો પણ વિચાર કરે છે. પણ મનુષ્ય માટે એમની ચિંતા અને ચિંતન એકધારું ચાલે છે. કહે છે: *‘આ મનુષ્યની કેવી દુર્દશા છે!’*

આવું બધું વાંચીએ છીએ ત્યારે ટી.એસ. એલિયેટ જેવા કવિની પંક્તિઓ યાદ આવે છે. કોઈ પણ કૃતિ વાંચીએ ત્યારે કોઈ મોટા ગજાના કવિના ઉડ્ડયનની ગતિની પ્રતીતિ થાય તો એ પણ આનંદની ઘટના કહેવાય. એલિયટે પણ આ જ વાત કહી હતી. વેદના—અહીંનો કવિ હોય કે પશ્ચિમનો કવિ હોય—સર્વત્ર એક જ રહેવાની અને આ તો સર્વસંવેદનાની વાત છે. એલિયેટ કહે છે:

*The endless cycle of idea and action,*
*Endless invention, endless experiment,*
*Brings knowledge of motion, but not of stillness;*
*Knowledge of speech, but not of silence;*
*Knowledge of words, and ignorance of the word.*
*All our knowledge brings us nearer to our ignorance,*
*All our ignorance brings us nearer to death,*
*But nearness to death no nearer to God.*
*Where is the life we have lost in living?*
*Where is the wisdom we have lost in knowledge?*
*Where is the knowledge we have lost in information?*
*The cycles of Heaven in twenty centuries*
*Bring us farther from God and nearer to the Dust.*

અહીંથી કાવ્યનો રાહ થોડોક ફંટાય છે અને કંઈક અંશે જાણે કે ડાયરીનું આછું સ્વરૂપ લેતો હોય એવો લાગે છે. શિબિરનો પ્રારંભ થવાનો છે તે વખતનો ઉત્સાહ પણ છે અને મથામણ પણ છે. થકવી મૂકે એવું કાર્ય છે અને છતાંયે ઉમળકો એવો છે કે ક્યાંયે થાક લાગતો નથી. ભોજન અને ઊંઘ જેવું ક્યાંય નથી. રાત નિદ્રા વિના પસાર થાય છે છતાંયે એક પ્રકારની અનન્ય, ધન્ય પ્રસન્નતા અનુભવાય છે. સ્વયંસેવકોના કાફલા આવે છે પણ હૈયાઉકલત એવી છે કે કામ પાર પડતું જાય છે. પાર પડે છે તો પણ પૂરતો આનંદ મળતો નથી એનું દુઃખ છે. આટલા બધા સ્વયંસેવકોને સાચવવામાં બધી તો સગવડો ન હોય. પણ એક બાજુ માતૃભૂમિનું કલ્યાણ, વિજયનો વિશ્વાસ, નિર્વ્યાજ પ્રેમને કારણે નામ ન પાડી શકાય એવા કશાક અદ્‌ભુતનો અનુભવ થાય છે. એ અદ્‌ભુતનો અનુભવ અનંતનો આનંદ આપે છે. જાણે કે એક સમર્પણયાત્રા ચાલી રહી છે. તપ અને તપશ્ચર્યા એવા ભારેખમ શબ્દોનો ઉપયોગ થતો નથી પણ જે થઈ રહ્યું છે તે નામ પાડીને કહેવાથી જ અભિવ્યક્તિ પૂરતી થતી નથી. જાણે કે વિવેકાનંદની દરિદ્રનારાયણોની કામના પૂર્તિ માટે આવો કર્મયોગ ઝંકૃત કરાયો છે. એક બાજુ કશુંક કર્યાની તૃપ્તિ છે તો બીજી બાજુ હૃદયમાં આગ છે.

શિબિરનો પ્રથમ દિવસ તો પૂરો થાય છે. બીજે દિવસે કાર્યક્રમોની ભરમાર છે. વિશેષ પ્રકારનો ઉમંગ વર્તાય છે. કારણકે '*પૂ. સરસંઘચાલકજી પધારવાના છે*'. બધું જ ભાવિક અને સ્વાભાવિક રીતે થાય છે. શબ્દ અને જીવન લગોલગ છે, અલગ નથી. કાવ્યનાયકને પૂરતી જવાબદારી સોંપાય છે એમનામાં વિશેષ રસ છે.

વાતચીતમાંથી કાવ્યનાયકને પ્રતીતિ થાય છે કે એમની પાસેથી સંઘને અને એના વડાને ચિક્કાર અપેક્ષા છે. કર્તા કશુંક વૈયક્તિક દૃષ્ટિથી જોવા નથી માગતા એ એમની સિદ્ધિ છે. સાર્વત્રિક દૃષ્ટિથી પ્રશ્નને સમજવાનો એમનો પ્રયાસ છે. ગુજરાત એમના કેન્દ્રમાં છે અને ગુજરાતની પણ એમના પર મીટ મંડાઈ છે. એમનો કષ્ટ સહેવાનો સંકલ્પ મજબૂત છે. તેઓ જાણે છે કે આજ સુધી પોતાના જીવનને લોકો બાઇનોક્યુલરથી જોતા તે હવે સૂક્ષ્મદર્શક યંત્રથી જોવાવાનું છે—કસોટીએ ચડવાનું છે. એમની એક જ પ્રાર્થના છે: 'હું જરાય ઊણો ન ઊતરું તેવી શક્તિ અને ભક્તિની મને ચાહના છે.'

શિબિરનો અંતિમ દિવસ આવે છે. નિર્માણની સાથે જ નિર્વાણ હોય છે. સર્જનની સાથે જ વિસર્જન હોય છે. આટલી બધી મહેનત કરી અને આટલી ઝડપથી શિબિરનો અંતિમ દિવસ આવી ગયો એનું કંઈક દુઃખ પણ છે. બધું જ અલ્પજીવી છે, એની વેદના છે પણ જ્ઞાની, તત્ત્વજ્ઞાની મન સમાધાન શોધે છે અને કહે છે—'*આમેય જગતમાં પામ્યાનો આનંદ સવિશેષ અલ્પજીવી છે.*' રસ છે સંસ્કૃતિના અધિષ્ઠાનમાં. એટલું તો કવિ પામી ગયા છે કે બાહ્ય જીવન પ્રભાવી છે પણ પ્રેરક નથી. કવિને કોઈ મહાનંદમાં રસ નથી. એમનો જીવ તો શાંત ઝરણમાં છે. ઝરણ રણને પણ જીવંત કરે છે. એ પૂરતા સંતોષ અને શાંતિથી કહે છે કે:

*ઝરણું એક સાતત્યપૂર્ણ નીરવ સંવાદ સર્જે છે*
*જેમાં સંગીતની મધુરતા ઘુંટાતી હોય છે અને*
*ત્યારે જ તો માનવને ઝરણાની ઝંખના હોય છે.*
*કેટલો અલ્પ પ્રવાહ હોય છે*
*નાદ નથી, નિનાદ નથી,*
*સરોવર જેવી વિશાળતા નથી,*
*સાગર જેવું તૂફાન નથી,*
*નદી જેવી ગતિ નથી,*
*છતાંય ઝરણું કેટલું આત્મસંતોષી છે*
*તેની એ નાનકડી શક્તિ પણ કેટકેટલાને*
*પોતાનામાં અંકિત કરી લે છે.*

કવિને ઘોંઘાટના ઘાટ પર બેસવામાં રસ નથી. એમને જેટલો રસ આત્મતત્ત્વમાં છે એટલો બીજા કશામાં નથી. શિબિર તો પંખીના માળાની જેમ વિખરાઈ ગઈ. તપોભૂમિનું વાતાવરણ બદલાઈ ગયું. એ વાતાવરણમાં પવિત્રતા હતી એનો કવિને મન મહિમા છે. કહે છે કે મારી પાસે જો કોઈ એવું પાત્ર હોત તો ખોબે ખોબે આ આનંદને ભરી લેત, પણ જે આવે છે તે પસાર પણ થાય છે. આનંદની સાથે શોક અને પ્રતીક્ષા હોય છે. કવિ એકલતા અનુભવે છે. અસહ્ય વેદના હોવા છતાં કોઈ પણ સંજોગોમાં સમભાવને ગુમાવવા નથી માગતા. કવિને શાશ્વતીમાં રસ છે. વરસતા વરસાદમાંથી ટપકી પડેલું એક પણ બિંદુ જો મોતી બની જાય તો એ ચિરંજીવ થઈ જાય. આ શાશ્વતીની ઝંખનાથી એ જીવે છે અને પોતાને પોતાની પાત્રતાથી જિવાડે છે. સુંદરમ્‌ની પંક્તિ યાદ આવે છે:

*જિંદગી! તારી મધુરતમ આ ક્ષણ*
*એને કોઈ પણ રીતે*
*આનંદ વિરામહીણી*
*શાશ્વતીમાં જડી શકાય તો!*

પ્રારંભમાં જ મેં વાત છેડી હતી કે આ આખીયે વાત કવિતાની નજીકની છે અને હવે જે વાત આવે છે તે કાવ્યસૃષ્ટિની જ વાત આવે છે. કવિતા સૃષ્ટિ તો એક નિમિત્ત છે પણ અંતે તો એમનું ધ્યેય કોઈ પણ કલાકૃતિ તરફ હોઈ શકે. કવિની વાણી એટલી ધસમસતા પ્રવાહની માફક વહે છે કે જે આવે છે તેને ખુલ્લા મને અપનાવી લે છે અને જો સ્વાભાવિક રીતે અંગ્રેજી શબ્દો આવતા

હોય તો એને પણ સ્વીકારી લે છે. મૂળ તો એમની વાત અહીં એક જ બિન્દુ પર છે કે આપણા સર્જનનું મૂળ શેમાં રહેલું છે? આપણે સર્જનને નામે ઉત્પાદન તો નથી કરતા ને? ઉત્પાદનનું કામ યંત્રનું છે. કવિનું કામ મંત્રનું છે. Production નહીં પણ Creation મહત્ત્વનું છે. કવિતા એ અક્ષરોના બરફનાં ચોસલાં નથી. આપણી અંદર કશુંક ખાલી હોય—રિક્ત હોય તો ભરી શકાય. ખાલી અને ખાલીપા વચ્ચે ભેદ છે. સર્જન કરવા માટે શૂન્યાવકાશ જોઈએ. આંખમાં આકાશ હોય અને નજર બહાર નહીં પણ અંદર હોય એ સર્જક માટે અનિવાર્ય છે. બારાખડીના અક્ષરોના મેળામાં સર્જન વિખૂટા પડેલા બાળક જેવું હોય છે.

એક વ્યક્તિ તરીકેની, એક સર્જક તરીકેની એમની મૂંઝવણ અંદર ને અંદર ઘૂંટાયા કરે છે. મનુષ્યના મનને પામવાની ઝંખના છે પણ માણસ પોતે શું શોધી રહ્યો છે એ મુખ્ય વાત પકડી પકડાતી નથી. કદાચ માણસને જેટલો પોતાના પ્રતિબિંબમાં રસ છે એટલો બીજામાં નથી. સ્વમાં રસ છે એટલો સર્વમાં રસ નથી. બે માણસ મળે છે એમાં યોગ કરતાં ઉપયોગ વધારે છે. કોઈ પણ સંબંધો છેવટે સાંકળ જ છે, જંજીર છે, બેડી છે, અપેક્ષાઓનો ભારો છે. કહે છેઃ માનવી માનવીને નિચોવી રહ્યો છે.

એલિયેટની પંક્તિ યાદ આવે છેઃ

*We meet each other*
*to exploit each other*

માણસ છે પણ માણસાઈ નથી. સાધન છે પણ સાધના નથી. અહમ્‌નું ૐકારમાં રૂપાંતર થતું નથી. કોઈ પણ માણસનો તમે સાધન તરીકે ઉપયોગ કરો ત્યારે એ માણસ મટી જાય છે અને જણસ થઈ જાય છે, એક ચીજ થઈ જાય છે. બીજમાંથી જે વૃક્ષ થવું જોઈએ એ વૃક્ષ થતું નથી.

આપણને શબ્દે શબ્દે ચિરાઈ જતી વેદનાનો અનુભવ થાય છે. પરમ તરફ જવાની ઝંખના છે અને પામરતાને હાંકી કાઢવી છે. ક્યારેક શુભ થશે એની શ્રદ્ધા છે તો ક્યારેક અશુભના સંકેત છે. આને કારણે દુઃખની દશા અને દિશા છે પણ કવિની સહનશક્તિ ક્યાંયે ઊણી ઊતરતી નથી. એમની અપાર શ્રદ્ધા જગદંબાની ચરણાગતિ—શરણાગતિ તરફ લઈ જાય છે.

એમની પ્રતીતિ છે કે વેદના વાંઝણી હોય છે. જો આપણે એમ માનતા હોઈએ કે વેદનાની અનુભૂતિમાંથી સર્જન થાય છે તો એ આપણી ભ્રમણા હોય. આપણા અનાથ સમણાંઓ કરુણ હોય છે. સર્જન તો કરુણામાંથી થાય. વેદનામાં દર્દ છે જ્યારે કરુણા સ્વયં દર્દ છે.

માણસ ઉત્સવપ્રિય છે એ તો કાલિદાસે આપણને ક્યારનુંયે કહી દીધું છે પણ આ ઉત્સવ મનુષ્યને જીવવા માટે અનિવાર્ય છે એવી કવિની દઢ માન્યતા છે. નવું વર્ષ એક તરફ મૃત્યુ તરફની ગતિનું સૂચક છે. પણ છેવટે માણસ ભયથી નહીં પણ કોઈ પ્રકાશમાં વિલીન થવા માટે મૃત્યુની કામના કરે તો મરણ પણ જ્યોતિપર્વ બને અને જીવ્યાનું ગૌરવ જળવાય.

પૂર્વ અને પશ્ચિમની ચર્ચાનાં ચૂંથણાંનો અતિરેક બહુ થઈ ગયો. વિજ્ઞાનને કારણે ભાવસૃષ્ટિ હણાઈ ગઈ. પશ્ચિમનો દ્રોહ નથી પણ પશ્ચિમનું જે કંઈ ઉત્તમ છે એનો સ્વીકાર છે. પણ આપણે બધું જ અપૂર્ણ રાખીએ છીએ અને ત્રિશંકુ દશામાં જીવીએ છીએ. આપણે દુનિયાને રચવી છે ખરી પણ આપણા પોતાના સુખ માટે. આપણે અપેક્ષાઓથી જીવીએ છીએ. હરીન્દ્ર દવેની જાણીતી પંક્તિ યાદ આવે છે કે, *'કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો પણ આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.'* આપણે ઈશાવાસ્યમ્‌નો મંત્ર ભૂલી ગયા છીએ કે ત્યાગમાં સુખ, ખપી જવામાં સુખ. આપણે જીવવું છે પણ સમર્પણનો અંશ માત્ર નહીં, નર્યા સ્વાર્થથી જીવવું છે. આ સ્વાર્થી વૃત્તિ એ એક રીતે જોઈએ તો શિકારી અને ભિખારી વૃત્તિ છે. આ અર્થમાં આપણે ગર્ભદરિદ્ર છીએ.

કવિએ આટલા બધા પ્રશ્નો, મથામણો, મુશ્કેલીઓ, વેદનાઓ, બેચેનીઓ, અજંપો, વ્યગ્રતા—આ બધા નકારના વાતાવરણમાં સકારાત્મક શ્રદ્ધા સાથે કાવ્યને સૌન્દર્ય અને નજાકતથી પૂર્ણ કર્યું છેઃ

*You are you*
*and I am I*
*and*
*if by chance*
*We find*
*each other*
*It is beautiful*

નરેન્દ્રભાઈનો અને મારો પરિચય એ મુખ્યમંત્રી થયા એ પહેલાંનો. એ મને 'કવિતા'ના તંત્રી તરીકે ઓળખે. હું એમને ગુજરાતી ભાષાના અને સવિશેષ કવિતાના ચાહક તરીકે ઓળખું. એમનામાં એકસાથે નમ્રતા અને ખુમારી બંનેનું દર્શન થાય. આ પહેલાં પણ મેં એમનાં જે લખાણ વાંચ્યાં છે અને જે રીતે એમનો પરિચય વધતો રહ્યો છે એ રીતે કહી શકું કે સ્પષ્ટવક્તા છે. એ હા કહે તો એ પણ અર્થપૂર્ણ હોય અને ના કહે તો એની પાછળ પણ કોઈ સમર્થ કારણ હોય. હજી સુધી ભારતમાં કોઈ મુખ્યમંત્રી એવા નથી થયા કે જેમણે પોતાના ગુરુઓનું સન્માન કર્યું હોય. અહીં એમની નમ્રતા પ્રગટ થાય છે. કિરીટ જોશી જેવા મૂલ્યનિષ્ઠ શિક્ષણકારને ગુજરાતમાં રાતોરાત તેડી લાવનાર એ બીજું કોઈ નહીં પણ નરેન્દ્ર મોદી. માણસ જેમ ચીપિયાથી અંગારો પકડે એમ એમનામાં કોઈની કુશળતા પારખવાની શક્તિ છે. એમની વિચારણા મૌલિક અને પારદર્શક છે એટલે જ એ આવા કર્મઠ પુરુષ થઈ શક્યા. એક વાર સંકલ્પ કરે કે આ કાર્ય મારે કરવું છે તો પોતાનો તમામ પુરુષાર્થ રેડીને એ કાર્ય પાર પાડે છે. પણ એવું એકેય કાર્ય ન હોય કે જે એમનું અંગત હોય. એમની દૃષ્ટિ સામે માત્ર ગુજરાતનો વિકાસ જ દેખાય. આટલાં વર્ષોમાં એમણે જે કરી બતાવ્યું છે તે ભાગ્યે જ કોઈએ કરી બતાવ્યું છે.

એમનાં પ્રાર્થનામય કાવ્યો કે કાવ્યમય પ્રાર્થનાઓ વાંચીને હું સમૃદ્ધ થયો છું એમાં કોઈ અતિશયોક્તિ નથી. એમના મિત્ર અને પ્રકાશક તરીકે મને આ સંગ્રહનું ગૌરવ છે.

—સુરેશ દલાલ

તા. ૯-૩-૨૦૧૧થી ૨૯-૩-૨૦૧૧

## વહાલા વાચક મિત્રો, સપ્રેમ નમસ્તે.

સાક્ષીભાવે '*સાક્ષીભાવ*' આપના હાથમાં મૂકું છું.

આ કોઈ સાહિત્યરચના નથી, લગભગ પચીસ વર્ષ પૂર્વે ડાયરીના પાને વહેતી લાગણીઓની આ તો ભીનાશ છે. ઘણી વાર જાહેર જીવનમાં ખૂબ મોટા પડદે ઊપસતું વ્યક્તિનું ચિત્ર એટલું મોટું હોય છે કે, તેમાંથી માણસ શોધવાનું ફાવે જ નહીં. વળી ઇચ્છા પણ ન થાય. બીજી બાજુ, સામાન્ય માનવી તરીકેની જિંદગીનો આનંદ કંઈક ઓર જ હોય છે. મારો પાકો વિશ્વાસ છે કે, આપણા સહુની ભીતર એક તદ્દન સામાન્ય— સહજ માનવ વસતો હોય છે જે પ્રકૃતિદત્ત સકારાત્મક અને નકારાત્મક આવિર્ભાવથી પર નથી હોતો. ગુણ-અવગુણ, ઇચ્છા-અનિચ્છા, તૃષ્ણા-તૃપ્તિ, અનુરાગ-વિતરાગ, ભાવ-અભાવ, લાગણી-ઊર્મિ, વેદના-સંવેદના, ગમા-અણગમા, અપેક્ષા-આકાંક્ષા—તેનાથી કોઈ પર નથી હોતું. હું પણ તમારી જેમ ગુણ-દોષસભર સામાન્ય માનવી જ છું. બધાંની જેમ હું પણ મારા વ્યક્તિત્વના વિકાસની નિરંતર મથામણ કરતો રહ્યો છું.

ભૂતકાળમાં આ મથામણના ભાગ રૂપે એક સુ-ટેવ વિકસી હતી. નિયમિત રીતે જગજ્જનની માને પત્ર લખી મારા અંતરમનને પ્રગટ કરી, મા શક્તિનાં ચરણોમાં ધરી મનને મોકળું કરવા ટેવાયેલ હતો. તેમાં મને અલૌકિક મૌન સંવાદની અનુભૂતિ થતી. પ્રત્યેક વરસે સમયાંતરે બે ચાર મહિને મારા ભાવવિશ્વને પ્રગટ કરતાં આવાં પાનાંને હું અનાસક્ત ભાવે સળગાવી દેતો. અગ્નિને શરણે જનારા આવા ભાવપત્રોની સંખ્યા કદાચ સેંકડોમાં થવા જાય.

એક વેળાએ આ બધું નષ્ટ કરતો હતો ત્યારે, મારા એક અંગત વડીલ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ.) ના પ્રચારક આદરણીય નરેન્દ્રભાઈ પંચાસરાની બારીક નજર આ કાગળો પર પડી.

જગજ્જનની માને સંબોધીને લખેલા પત્રોમાંથી જે થોડા ઘણા બચી ગયા હતા તેને સાચવવા તેઓએ આગ્રહ કર્યો. તેમના પ્રેમપૂર્ણ આગ્રહને કારણે સચવાયેલાં આ ભાવપુષ્પ જે મેં જગજ્જનની માને ચઢાવેલાં તે આપના સમક્ષ રજૂ કરું છું. આદરણીય નરેન્દ્રભાઈ પંચાસરાનો પ્રેમપૂર્વકનો આગ્રહ ન હોત તો આટલાં પાનાં પણ ન સચવાયાં હોત! હું તેમનો આદરપૂર્વક ઋણ સ્વીકાર કરું છું અને આ 'સાક્ષીભાવ' માનનીય શ્રી નરેન્દ્રભાઈ પંચાસરાને અર્પણ કરું છું.

વહાલા વાચક મિત્રો, મારી અંદર વસતા એક સામાન્ય માનવીને તમારા હૃદયમાં સહજ રીતે સ્થાન મળશે તેવો પૂરો ભરોસો છે.

જગજ્જનની માનાં ચરણોમાં પ્રણામ.

ઇતિ શુભમ્!

સૌનો

નરેન્દ્ર મોદી

Listen to Audio Track




જીવનનું અધિષ્ઠાન

સ્વપ્નોનાં ખંડેર

તારી સર્જેલી કવિતા

માતાની મૂર્તિ

માયાળુ આંખોનું મિલન

અસીમ આત્મવિશ્વાસ

હૃદય-મંદિરમાં

નવજીવનની પ્રેરણા

નવસર્જનનો આધાર

પળબિંદુની ધારા

સર્જન અને શૂન્યાવકાશ


एषः पंथाः

ચિરાઈ જતા હૃદયની વેદના

વેદના અનાથ નથી હોતી

અવિરત મથામણ

ભોગવૃત્તિની પૂર્તિ




# જીવનનું અધિષ્ઠાન

*જગજ્જનની મા....*
*શ્રી ચરણોમાં પ્રણામ,*

ઓગણીસો છ્યાસીના ઉત્તરાર્ધના
છેલ્લા મહિનાનો પહેલો દિવસ
સ્થિર લટકતું કેલેન્ડર જીવનની ગતિ દર્શાવે છે!!!
એક મોટું આશ્ચર્ય જ છે ને?
પણ માનવીની ગતિ નિરંતર છે.

જગત સ્વયં જ એક ગતિ જ છે ને?
પરંતુ આ ગતિશીલ જગતમાં હું ક્યાં?
શું ગતિની સાથે છું?
કે ગતિની સામે છું?
શું પ્રગતિ, મુક્ત ગતિ છે કે પછી
ગતિનો આભાસ-માત્ર છે?
શું મારું પણ પેલાં કેલેન્ડર જેવું તો નથી ને—
કશાય હલન ચલન વગર
જે ગતિનો ભાસ ઊભો કરે છે?
કે પછી જીવંતતાને કારણે સ્થિરતા નથી માટે ગતિ છે?
તો પછી આ ગતિ, અધોગતિ ન જ હોઈ શકે
એવું કેમ કહી શકાય?

હા... પણ તેના માપદંડનું શું?
આમે ગતિ, પ્રગતિ કે અધોગતિ
સઘળું સાપેક્ષ જ છે ને?
એકને મન જે પ્રગતિ છે
એ બીજાને મન અધોગતિ ક્યાં નથી હોતી?

તો શું જીવન આમ સાપેક્ષતાને સહારે જ
જિવાઈ જવાનું?
શું જીવનની ગતિને કોઈ નિરપેક્ષ ભાવ હોઈ જ ન શકે?
અને જો.... જીવનની સાપેક્ષતાની સીમામાં જ
બંધાવાનું હોય,
તો પછી અસંતોષની આગને અટકાવશે કોણ?
અસંતોષની આગ સાપેક્ષ ચિંતનનું જ પરિણામ છે ને?

આટલું જાણ્યા પછી પણ
શા માટે નિરપેક્ષ ભાવ જીવનનું અધિષ્ઠાન
નથી બનતો?
શા માટે જીવન કામનાઓથી
પર નથી બનતું?
જીવન ક્યાંક સ્વપ્નોનું ચિરંતન સ્મારક બની
નવજીવનને ગતિ અને મતિ બંને બક્ષે છે.
તો ક્યાંક જીવન—
સ્વપ્નોનું ખંડેર બની આહ અને આંસુથી
ઊભરાય છે.
માટે જ તો નિરપેક્ષ ભાવસભર જીવનની
કામના કરું છું. યાચના કરું છું.

તા. ૦૧-૧૨-૧૯૮૬




# સ્વપ્નોનાં ખંડેર

જગજ્જનની મા....
શ્રી ચરણોમાં પ્રણામ,

સવારનો સૂરજ કંઈક ને કંઈક અણસાર લઈને
આવતો હોય છે.
પણ... આજનો સૂરજ કંઈક ધૂંધળો,
કંઈક બેચેન બનાવનાર,
કંઈક ચિંતાને જન્માવનાર,
ન જાણે મારાપણાનું કંઈક લૂંટાઈ
રહ્યું હોય તેવા વિચિત્ર મિશ્ર ભાવો સાથે
સૂરજ મારી આસપાસ ઘૂમ્યા કરે છે.

શરીર અહીં, મન મારું તહીં
તારી પણ કેવી કમાલ છે!
જીવનની કેવી મિસાલ છે!
મન અને મારી વચ્ચે
અદ્વૈતનો સેતુ કેમ સર્જાતો નથી?
જોને... ક્યારેક હું અહીં, તો મન ત્યાં,
ક્યારેક મન અહીં તો હું ક્યાંક,
પળ બે પળમાં જોજન દૂર
આ મન કેવી છલાંગ મારી
ચાલ્યું જાય છે!
નથી એને રસ્તો પૂછવો પડતો
નથી એને અંધારું આડશ દેતું
નથી એને ભીતિ કે નથી તેને ભ્રાંતિ!
મારું વા'લું આ મન મહાલ્યા જ કરે છે!
એને ક્યાં પરવા છે આ શરીરની?
એને કેટકેટલું વીતે છે!

આ સ્વપ્નસાગરમાં એ દાઝે છે.
પણ પાછું મન જ ચાંદ બની
તેને શીતળતાનો સ્પર્શ પણ કરાવી જાય ખરું.
પણ ક્યારેક તે દાઝી ઊઠે ત્યારે?
અહા... હા... ભડકે બળે છે સઘળું!
સૃષ્ટિને જાણે આગ ચંપાઈ જાય છે.
સ્વપ્નોનાં ખંડેર ખડકાઈ જાય છે.
તન-બદન સઘળું બેકાર બની જાય છે.
સઘળું ધૂંધળું... સઘળે બેચેની... જુઓને મા!

આજનો દિવસ આમ કેમ કરે છે?
સૂરજના ઉપર ચઢવાની સાથે સાથે
મને વધુ ને વધુ દાહ કેમ બક્ષે છે?
બધું જ જોઈ શકું છું, જાણી શકું છું
મા, તારી કૃપાથી.

પણ આજ જાણે મતિ સુન્ન બની છે.
કંઈક લૂંટાઈ જવાના, કંઈક ચૂંથાઈ જવાના
કંઈક હણાઈ જવાના, કંઈક ન જાણે કેટકેટલું બની રહ્યાના
સંકેતો વચ્ચે હું ઘેરાયેલો પડ્યો છું.

શું મારાપણાની અતિશય ભાવસૃષ્ટિ જ
આમ થવા નથી દેતી ને?
ના... મા... ના... એવું નથી લાગતું.
ઠંડા કલેજે રહેંસાઈ જતાં સ્વપ્નો...
ઠંડા કલેજે લૂંટાતી?જતી એષણાઓ...
ઠંડા કલેજે કત્લ થતાં અરમાનો...
ન જાણે કેમ... પણ નિઃસહાયતા
વચ્ચે પ્રત્યેક પળ ઘેરાતી જાય છે!
મા, મને જાણે આ પ્રત્યેક પળ
મૃત્યુ તરફ ધકેલી રહી હોય એવો ભાવ કેમ જન્માવે છે?
મને હતું આ સૂરજ જ દઝાડી રહ્યો છે...



ના, એવું નથી.
જોને મોડે મોડે આવેલ આ ચંદ્રમા પણ
ક્યાં શીતળતા લઈને આવ્યો છે?
એણે તો વળી નીંદ હરામ કરી મૂકી છે,
મા... શા માટે આટલું બધું કષ્ટ મારે ભોગવવાનું
મારને, આ શરીર પર જેટલા ઘા મારવા હોય તેટલા માર!
કર, તેના ટુકડે ટુકડા કર...
કોઈ ઊંહકાર સુધ્ધાં નહીં નીકળે.
મા, તો પછી આ ઘા મને શા માટે?
આટઆટલાં સમર્પણ પછી,
જીવનનો પૂર્ણતા સાથે સ્વીકાર કર્યા પછી પણ
શા માટે આવી અવદશા?

કે પછી મા... મારે મન જીવનની
પ્રત્યેક પળ જેટલી ગંભીર છે.
પ્રત્યેક પળને પોતાની જિંદગી છે.
પણ જાણે આ પળ પોતે જ મરી રહી છે...
શું ભૂતકાળમાં પણ ક્યારેક ક્યારેક અનુભવાતી વેદના,
હૃદયનાં ઊંડાણોમાંથી થતા ચિત્કાર,
આંખ સામે ઊભાં થતાં અસ્પષ્ટ ચિત્રો,
શંકા અને કુશંકાનાં વાદળોને મહાત કરતો હું
આજ આટલો અસ્પષ્ટ કેમ બન્યો છું!
મા... અંતરમન એક ભયાનક કોલાહલથી ભર્યું છે.

આવનારી બધી જ પરિસ્થિતિ હમણાં તો
ભાવિના ગર્ભમાં વાસ કરી રહી છે-
સઘળું તારે ચરણે સોંપી નિશ્ચિંત બન્યો હું મા.



મા... તું એટલા માટે તો આ સંકેત
સ્પષ્ટ કરવા તૈયાર નથી ને કે
બધું મારા માટે જોખમરૂપ બની જશે?
શું જીવન દોહ્યલું બની જશે?

મા... મારી તો હર પળ તૈયારી છે...
શું તું જ મારામાંથી ભરોસો ખોઈ બેઠી છે?
મારી ગમે તેવી પરિસ્થિતિને પામવાની,
પહોંચવાની, પડકારવાની તૈયારી છે.

મા... તું સ્પષ્ટ કરને...
આજ આવા ધૂંધળા વાતાવરણનો જન્મ કેમ થયો છે?
મા... તારી જ આપેલી શક્તિને ભરોસે જ તો
હું આવી અનુભૂતિ કરી શકું છું.
તો પછી મારી શક્તિમાં અવિશ્વાસ શાને માટે?
કદાચ મનની આ અવસ્થામાંથી
તું મને બહાર આવવા દેવા તૈયાર નથી.
કદાચ મા... તારો કોઈ સંકેત હશે...
એટલું જ હમણાં તો માનું છું.
ખેર! મા... તારી ઇચ્છાની બહાર જવાની
મારી શક્તિ જ ક્યાં છે?
એક પ્રાર્થના કરું? જે કાંઈ બનવાનું હોય તે બને...
મારા ત્યાગ, મારા સમર્પણની અનુભૂતિ
અત્ર, તત્ર, સર્વત્ર
તું કરાવ્યા વિના નહીં જ રહે એવી શ્રદ્ધા છે.

આવનારી બધી જ પરિસ્થિતિ હમણાં તો
ભાવિના ગર્ભમાં વાસ કરી રહી છે.
મા... સઘળું તારા જ ચરણે હોમી દઈ
નિશ્ચિંત બનવા માગતો હું,
આજે પહેલી વાર આવી વિકટતા અનુભવું છું.
શબ્દોને પણ ડરાવી દે તેવી ભયાનકતાના
અહેસાસ વચ્ચે આ ચંદ્રની ગતિ
આગ વેરતી ચાલ્યા કરે છે...

મા... શું કાલ સવારનો સૂરજ પણ
આમ જ ઊગશે? અત્યારે લાગે છે તો એવું જ.
હવે કાલના સૂરજને ઊગવાનો સમય
પણ ક્યાં બાકી છે!
પળ બે પળમાં ઊગી જશે.
તો એ સૂરજ પણ આજની પાર્શ્વભૂમિમાં જ હશે કે?
મા... શબ્દો, ભાવના, સઘળું
હમણાં તો સુન્ન બની બેઠું છે.

તા. ૦૩-૧૨-૧૯૮૬



e शब्द

indian ebooks

સંવેદનશીલ કર્મયોગી નરેન્દ્ર મોદીની ડાયરી રૂપે લખાયેલી આ પ્રાર્થનાઓ છે. ૧૯૮૬ના અંતમાં આ મનવહીનો પ્રારંભ થયો છે. અહીં મનોજગતના સંઘર્ષની કથા, વ્યથા અને ચિંતન છે. વિચારોનો ચકરાવો છે, સ્વ સાથેનો સંવાદ, વિસંવાદ, મંથન, મથામણ, પ્રશ્ન, ઉત્તર—ફરી પાછા પ્રશ્ન અને વિપ્રશ્નની સ્થિતિ... ક્યારેક મળતો ઉત્તર અથવા ક્યારેક સાવ નિરુત્તર સ્થિતિ. સાપેક્ષ નહીં પણ નિરપેક્ષ ભાવસભર જીવનની ઝંખના. સાપેક્ષમાં છૂપો રહેલો અસંતોષ અને સરખામણીમાંથી પ્રગટતું અસમાધાન.

માણસને પોતે કોઈ પણ પ્રકારની મુશ્કેલીમાં હોય ત્યારે વાત કરવા માટે કોઈક વ્યક્તિ જોઈએ પણ જ્યારે આપણે જ આપણી જાત સાથે ભીતરથી પૂરેપૂરા ગોઠવાયેલા ન હોઈએ ત્યારે એ પરિસ્થિતિમાં વાત કોને કહેવી એ એક મોટી મૂંઝવણ છે. સર્જકને આપોઆપ એક સરસ માર્ગ મળ્યો છે અને એ માર્ગ તે જગજ્જનની મા સાથેનો સંવાદ. એટલે કે જીવનની જે કોઈ આપત્તિ, વિપત્તિ હોય કે જે મૂંઝારો હોય એ બધું જ જગતમાતાના ચરણમાં મૂકી દેવું અને નિરાધાર થયા વિના, માતાની કૃપામાં પૂર્ણ શ્રદ્ધા રાખીને આવી પડેલી અવસ્થાને ઓળંગી જવી. બધું જ જ્યારે ડહોળાયેલું હોય ત્યારે કઈ રીતે નિર્મળ, સ્વચ્છ, પારદર્શક અને સ્પષ્ટ વાતાવરણ ઊભું કરવું? ધુમ્મસને કઈ રીતે દૂર કરવું એની વાત અત્યંત સહજતાથી અહીં થઈ છે.

આપણને શબ્દે શબ્દે ચિરાઈ જતી વેદનાનો અનુભવ થાય છે. પરમ તરફ જવાની ઝંખના છે અને પામરતાને હાંકી કાઢવી છે. ક્યારેક શુભ થશે એની શ્રદ્ધા છે તો ક્યારેક અશુભના સંકેત છે. આને કારણે દુઃખની દશા અને દિશા છે પણ કવિની સહનશક્તિ ક્યાંયે ઊણી ઊતરતી નથી. એમની અપાર શ્રદ્ધા જગદંબાની ચરણાગતિ—શરણાગતિ તરફ લઈ જાય છે.

એમનાં પ્રાર્થનામય કાવ્યો કે કાવ્યમય પ્રાર્થનાઓ વાંચીને હું સમૃદ્ધ થયો છું એમાં કોઈ અતિશયોક્તિ નથી. એમના મિત્ર અને પ્રકાશક તરીકે મને આ સંગ્રહનું ગૌરવ છે.

—સુરેશ દલાલ
(૨૦૧૧)